# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# ઈસુ માટે કપરો સમય

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus
અનુકૂલન : M. Maillot; Sarah S.
Alastair Paterson
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



જ્યારે ઈસુનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું ત્યારે ઈશ્વર બોલ્યા. તેમણે કહ્યું, “આ મારો પ્રિય દિકરો છે, હું તેનાથી ખૂબ જ ખુશ છું” તે સમયે ઈશ્વરનો પવિત્ર આત્મા કબૂતરની પેઠે ઈસુ પર ઉતરી આવ્યો.




તે પછી તરત જ, પવિત્ર
આત્મા તેને રાનમાં લઈ ગયો
જ્યાં ઈસુ એકલો હતો.
3
ત્યાં ઈસુએ ચાલીસ દિવસ સુધી ઉપવાસ
કર્યા. તેનો અર્થ કે તેણે કંઈ પણ ખાધું
નહીં. એ ભૂખ્યો થયો.
4
બાઈબલ જણાવે છે ઈસુની સાથે ત્યાં જંગલી પશુઓ પણ હતાં.
5
ત્યાં ઈસુનું પરીક્ષણ કરવા માટે શેતાન આવ્યો.
ઘણા વર્ષો પહેલા તેણે આદમ અને હવાને જેઓ
એદન વાડીમાં રહેતા હતા, તેમને ઈશ્વરની
આજ્ઞા અવગણવા પરીક્ષણમાં નાંખ્યા હતાં.
હવે ઈસુનો પરીક્ષણનો
વારો આવ્યો હતો.
6
એટલે કે શેતાને
ઈશ્વરના પુત્ર ઈસુનું
પણ પરીક્ષણ કર્યું.
7
“જો તું ઈશ્વરપુત્ર હોય તો” શેતાને કહ્યું,
“આ પત્થરને કહે કે તેઓ રોટલી બની
જાય.” તેને ખબર હતી કે ઈસુ ઈશ્વરનો પુત્ર
પત્થરને રોટલીમાં બદલી શકે છે. પણ શું
ઈસુ શેતાનની આજ્ઞાને આધિન થયો?
8


ના! ઈસુ શેતાનને આધિન થયો નહીં. તેને બદલે, તેણે ઈશ્વરના વચનમાં જવાબ આપ્યો. “માણસ એકલી રોટલીથી જીવશે નહીં પણ દેવના મુખમાંથી નીકળતા એક એક શબ્દથી જીવશે.”
9
ત્યારબાદ શેતાન ઈસુને યરૂશાલેમ, કે જ્યાં લોકો ઈશ્વરનું ભજન કરવા માટે આવતા હતા, ત્યાં દોરી લઈ ગયો. હવે પછી શેતાન શું કરવાનો હતો?
10
“જો તું ઈશ્વરપુત્ર હોય તો તારી જાતને નીચે ફેંકી દે,” શેતાને કહ્યું, “તેવું વચન કહે છે. તેના દૂતો તને ઝીલી લેશે.”
11
ના! ઈસુએ જવાબ આપ્યો. “એ પ્રમાણે પણ લખવામાં આવ્યું છે કે… તું તારા દેવ ઈશ્વરની પરીક્ષા ન કર.”
12
શેતાને ફરી પ્રયત્ન કર્યો. ફરી શેતાન ઈસુને શહેરની બહાર એક ઊંચા પહાડ પર લઈ ગયો.
13
દુનિયાના રાજ્યનો સર્વ વૈભવ બતાવીને શેતાને ઈસુને કહ્યું, “તું મારા પગે પડીને મારું ભજન કર તો હું તને એ સર્વ વાનાં આપીશ.”
14

“મારી પાછળ જા, શેતાન!” ઈસુએ આજ્ઞા આપી. “એ પણ લખવામાં આવ્યું છે કે તું તારા દેવ ઈશ્વરનું જ ભજન કર અને તેની એકલાની જ સેવા કર.”



15

ત્યારબાદ શેતાન થોડા સમય માટે ઈસુને મૂકીને ચાલ્યો ગયો. ત્યારબાદ એક અદ્‌ભૂત બાબત બની. ઈશ્વરે તેના દૂતોને મોકલ્યા કે જેથી તેઓ ઈસુને દિલાસો દે અને તેની સંભાળ રાખે. તે ઈશ્વરપુત્ર હતો કે જેણે શેતાનની આજ્ઞા માની નહીં.



16

ઈસુ માટે કપરો સમય

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૪, લૂક ૪

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

17




38 60

18

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬

19